અમદાવાદ ટાઇ

પ્રેસમાં

પ્રત ૧૦

ગરબાવળી.

અથ આનંદનો ગરબો.

આજ આજ મુંને આનંદ વાધ્યો અતિ ઘણો મા,
ગાવા ગરબા છંદ બહુચર માત તણો મા. ૧
અલવે આળપપાળ આપિક્ષા આણી મા,
દ્યો ઇચ્છા પતિપાળ દ્યો અમૃત વાણિ મા. ૨
સ્વગ મૃત્યુ પાતાળ વાસ સકળ તાહરો મા,
બાળ કરી સંભાળ કર ઝાલો મારો મા. ૩
તોતળા મુખ તંન તો તો તો કહે મા.
અર્ભક માગે અંન નિજ માતા મન લહે મા. ૪
નહિ સવ્ય અપસવ્ય કહિ કાંયે જાણું મા,
કળી કાહાવા કવ્ય મન મિથ્યા આણું મા. ૫
કુલજ કુપાત્ર કુશીલ કર્મ અકર્મ ભર્યો મા,
મુરખ મન વહે મીન રસ રટવા ઉચર્યો મા. ૬
મુઢ પ્રમાણે મત્ય મન મિથ્યા માપી મા,
કોણુ લહે ઉતપત્ય વિશ્વ રહ્યાં વ્યાપી મા. ૭
પરાક્રમ પર્મ પ્રચંડ પ્રબળ ન પલ પ્રીછુ મા,
પુરણ પ્રગટ અખંડ અજ્ઞ થકો ઇચ્છુ મા. ૮
અરણુવ ઓછો પાત્ર અકલ કરી આપછુ મા,

થાંભુ નહીં પળ માત્ર મન જાણું નાણું મા. ૯
રસના યુગમ હજાર તે રટતાં હાર્યો મા,
ઇશો અંશ લગાર લેઇ મન મથ માર્યો મા. ૧૦
મારકુંડ મુનીરાય મુખ માહાત્મ ભાખ્યું મા,
જય મુનિ રૂખી જંવાય ઉર અંતર રાખ્યું મા. ૧૧
અણુ ગણુ ગુણુ ગતિ ગોત ખોલ ખરો ન્યારો મા.
માત જાગતી જોત જળહળતો પારો મા. ૧૨
જશ તૃણુ વન ગુણુ ગાથ કહું ઉંડળ ગુડળ મા,
ભરવા બુદ્ધી બે હાથ ઓબામા ઉંડળ મા ૧૩
પાગ નમાવી શીશ કહું ઘેલું ગાંડું મા.
માત ન ધરશો રીસ છો ખાલૂ બાડું મા ૧૪
આદ્ય નિરંજન એક અગમ અકળ શાખી મા,
તુંથી અવર અનેક વિસ્તરતાં જાણી મા. ૧૫
શક્તી સરજવા શ્રષ્ટ સેજ સ્વભાવ સ્વરૂપ મા,
કિંચિત કરૂણા દ્રષ્ટ કૃત કૃત કોટિ કલ્પ મા. ૧૬
માતંગી મન મુક્ત રમવા મન દીધું મા,
જોવા જુક્ત અજુક્ત ચૌદ ભૂવન કીધું મા ૧૭
નીર ગગન ભુતેજ સેજ કરી નીરમ્યાં મા,
મારૂત વસ્ર જે જે ભાંડ કરી ભરમ્યાં મા. ૧૮
તતક્ષણુ તનથી દેહ ત્રૈણુ કરી પેદા મા,
ભવ કૃત કરતા જેહ સરજે પાળે ખેદા મા. ૧૯
પ્રથમ કર્યા ઉચ્ચાર વેદ ચાર વાચક મા,

ધર્મ સમસ્ત પ્રકાર ભુ ભણ્યા લાયક મા. ૨૦
પ્રગટ પંચમા ભુત અવર સરવ જે કે મા,
મકત સર્વ સંયુક્ત શક્ત વિના નહીં કો મા. ૨૧
મૂળ મહી મંડાણ મહમાયેશ્વરી મા.
યુગ સચરાચર જાણ જે વિશ્વેશ્વરી મા. ૨૨
જળ મધ્યે જળસાંઈ પોઢયા જુગજીવન મા,
બેઠા અંતરીક્ષ આઈ ખોળે રાખી તન મા. ૨૩
વ્યોમ વિમાનનિ વાટય ઠાઠ ઠઠયો આછો મા,
ઘટ ઘટ સરખો ઘાટ કાચ બન્યો કાચો મા. ૨૪
જનમ જનમ અવતાર આકારે જાણી મા,
નીરમીત હીત નર નાર નખશીખ નારાયણી મા.૨૫
અનંગ પશુ પક્ષી પ્રથક પ્રથક પ્રાણી મા,
યુગ યુગમા અંબી રૂપ રૂદ્રાણી મા. ૨૬
ચક્ષુ મધ્યે ચૈતન્ય વચ ચાસન ટીકી મા,
જણાવવા જન મંન મધ્ય માતાકીકી મા. ૨૭
અનચર ત્રણચરણ વાયુ ચર વારી ચરતા મા,
ઉદર ઉદર ભરી આયુ તુ ભવની ભરતા મા. ૨૮
રજો તમોને સત્વ ત્રીગુણાત્મા ત્રાતા મા,
ત્રીભુવન તારણ તત્વ જક્ત તણી જાતા મા. ૨૯
જ્યાં જ્યમ ત્યાં ત્યમ રૂપ તેં ધાર્યાં સઘળે મા.
કોટી કરેયા ભુપ કો તુજને ન કળે મા. ૩૦
મેરૂ શીખર મહીમાય પાવાગઢ પાશે મા.

બાળી બહુચર માય આગ્ન વાસે વાસો મા. ૩૧
ન લહે બ્રહ્મા ભેદ ગુહ્ય ગતિ તાહરી મા.
વાણિ વખાણે વેદ શી મતિ માહરી મા. ૨૩
વિષ્ણુ વિમાસી મંન ધન્ય એમ ઉચરીયા મા.
અવર ન તુજથી અન્ય બાળી બહુચરીયા મા. ૩૩
માણે મન મહેશ માન મયા કીધે મા,
જાણે સુરપતિ શેષ સહુ તારે લીધે મા. ૩૪
સહસ્ર ફણાધર શેત્ર સકત સબળ સાધી મા,
નામ ધર્યું નાગેશ કિરતી તો વાધી મા. ૩૫
મચ્છ કચ્છ વારાહ નરસિંહ વામન થઈ મા,
એ અવતારો તારાય તે તં તુ મઈ મા. ૩૬
ફરાસુરામ શ્રી રામ રામ બળી બળજે મા,
બુધ કલંકી નામ દશવિધ ધારી હેહે મા. ૩૭
મધ્ય મથુરાથી બાળ ગોકુળ તો પોતું મા,
તેં નાંખી મોહોજાળ બીજુ કોઇ નોતું મા. ૩૮
કૃષ્ણ કૃષ્ણ અવતાર કળિ કારણ કીધું મા,
ભક્તિ મુક્તિ દાતાર થઈ હરશણ દીધું મા,
મંહલ વપુશક્ નાર્ય નહીં પુરૂષાં પાખુ મા,
એ આશ્ચર્ય સંસાર શ્રુતિ સંમૃતીએ ભાખું મા. ૪૦
જાણ્યે વિંઢળ કાથ જક્ત કહે જુક્ત મા,
માત મોટો મહિમાય ન લહે ઈંદ્ર ભિગત મા. ૪૧

મેરાંમણુ મથનેર કીધાં રવૈયો સ્થીરમાં મા,
આકર્ષણુ એક તંર વાસુકીના નેતર મા. ૪૨
સુર સંકટ હરનાર સનકંન સનસુખ મા,
અવિગત અગમ અપાર આનંદીનિધ સુખ મા. ૪૩
સનકાદીક મુની સાથ સેવી વિધ્ય વિધ્યે મા,
આરાધી નવનાથ ચોરાશી સીધે મા. ૪૪
આવી અયોધ્યા ઇશ નામી શીશ વળ્યાં મા,
દશ મુસ્તક ભુજ વીશ છેદી સિત મળ્યાં મા. ૪૫
નૃપ ભીનકનિ કુમાર તમ પુંજ પામી મા,
રૂકમણી રમણુ મોરાર મન ગમતા સ્વામી મા. ૪૬
રાખ્યા પાંડુ કુમાર છાના પી સંગે મા,
રૂવ-સર એક બાર વાન્યા તમ અંગે. ૪૭
બાંધ્યો તન પ્રદ્યુમન છૂટે નહીં કોઇથી મા.
સમરી પુરી સલખન ગયો કાળા શ્રેંકથી મા. ૪૮
વેદ પુરાણુ પ્રમાણુ શાસ્ત્ર સકળ સાખી મા,
શક્ત સકળ મંડાણુ સરવ રહ્યાં રાખી મા. ૪૯
જે જે જાગ્યા જોઇ ત્યાં ત્યાં તું નેત્રી મા,
સમ વીભ્રમ મતિ ખોઇ કહી ન શકું કેવી મા. ૫૦
ભુતિભવિષ્ય વર્તમાન ભગવંતી તું ભવની મા,
આધ મધ્ય અવસાન આકાશે અવની. ૫૧
તિમર હરણુ શશિસુર તે તારો ધોખો મા,
અગ્નિ અગ્ની ભરપુર થઇ શોખો પોખો મા. ૫૨

ષટ ઋતુ ષટ રસ માસ દ્વાદશ પ્રતિબંધે મા,
અંધકાર દિનતશ અનુક્રમ અનુ સંધે મા. ૫૩
ધરથી તુ ધન ધન્ય ધ્યાન ધરે નાવે મા;
પાલણ પ્રજા પ્રજન અણુનીતવં આવે મા. ૫૪
સકળ શ્રષ્ટ સુખદાઇ પયદધી ઘ્રત માંયે મા,
સમને સરસરસાઇ તુ વિના નહીં કાંયે મા. ૫૫
સુખ દુખ એ સંસાર તારાં ઉપનાવ્યાં મા,
બુદ્ધ બળ ને બલિહાર ધાણું ડાચાં વાચાં મા. ૫૬
ક્ષુધા ત્રશા નિદ્રાય લઘુચૌવા વૃધા મા,
શાંતિ સુર ક્ષમાય તુ સઘળે શ્રદ્ધા મા. ૫૭
કામ ક્રોધ મોહ લોભ મદ મચ્છર મમતા મા.
ત્રષ્ણા સ્થીર્થઇ થોભ શાંતી ને સમતા મા. ૫૮
અર્થ ધર્મને કામ મોક્ષ તું મંમાયા મા,
વીશ્વ તણો વિશરામ ઉર અંતર છાયા મા. ૫૯
ઉદે ઉદારણુ અસ્ત આધ અનાદ્યેનિ મા,
ભાષા ભુર સમસ્ત વાક વિવાદની મા. ૬૦
કરુણ હાસ્ય ઉપહાસ્ય કાવ્ય કવિત ચિતતુ મા,
ભાવ ભેદ નિજ ભાસ્ય ભ્રાંત ભલે ચિતતુ મા. ૬૧
ગીત નૃત્ય વાજીંત્ર તાલ તાન માને મા,
વાણિ વિવિધ્ય વિચિત્ર ગુણ અગણિત ગાને મા. ૬૨
રતિરસ વિલાસ નિવાસ આશ સકલ જગની મા,

તન તન મન મધ્ય વાશ મહં માયા મગની મા. ૬૩
જાણુ અજાણે જક્ત બે બાવા જાણે મા,
જીવ સકળ આશક્ત સહુ સરખું માણે મા. ૬૪
દિવ્ય દિવ્ય રાગ સ્વાદ જગ દાખ્યું ચાખ્યું મા,
ઘ્રત સુણતાં તે સ્વાદ પદ પોતે રાખ્યું મા. . ૬૫
ઝડ થડ સાખા પત્ર પુષ્પ ફળ ફરતી મા,
પરમાણુ એક માત્ર પ્રતીવાસર ચળતી મા. ૬૬
નીપટ અટપટી વાત નામ કહું કોનું મા,
સરજી સાત ધાત માત અર્ધાંક સોનું મા. ૬૭
રત્ન માણી માણેક નગ મગીયાં મુક્તા મા,
આભા અધિક અટંક અન્યન સંયુક્તા મા. ૬૮
નીલપીત આરક્ત શામ શ્વેત સરખી મા,
ઉભય વ્યક્તા વ્યક્ત જક્ત જને નરખી મા. ૬૯
નગજે અર્ધાંકુળ આઠ હેમાચલ આદે મા,
પવન ગવન ઠઠી ઠાઠ અરચીન તું સાધે મા. ૭૦
વાપી કૂપ તળાવ તુ સરીતા સીંધુ મા,
જળ તરણુ જળ નાવ તુ તારણુ બંધુ મા. ૭૧
વનસ્પતિ ભાર અઢાર ભૂ ઉપર ઉભાં મા,
ક્રત ક્રત તુ કીરતાર કોશવિધાં કુંભાં મા. ૭૨
જડચેતન અભીધાન અંશ અંશ ધારી મા,
માનવ સોટે ,માન્ય તે ક્રશણી નારી મા. ૭૩

વરણુ ચાર નિજ કર્મ ધર્મ સહિત સ્થાપી મા,
અને બાર અધર્મ અનુચર વર આપી મા. ૭૪
વાડવ વન્હીં નિવાશ સુખ માતા પાતે મા,
તૃપ્તે તૃપ્તે થાશ માત જગન્ન જોતે મા. ૭૫
લક્ષચોરાસી જંત સહુ તારા કીધા માં,
આપ્યો અસુરનો અંત દંડ ભલા દીધા મા. ૭૬
દુષ્ટ દમ્યા કહિ વાર દારૂણ દુખ દેતા મા,
દૈત્ય કર્યા સંહાર ભાગ યગન લેતા મા. ૭૭
સુખ્ય કરણ સંસાર કર ત્રિશુળ લિધું મા,
ભોમ્ય તણે શિર ભાર હરવા મન કિધું મા. ૭૮
બહુચર બુધ્ય ઉદાર ખળખોળી ખાવા મા,
સંત કરણ ભવપાર સાહ્ય કરે સાવા મા. ૭૯
અધમ ઓધારણ હાર આસનથી ઉઠી મા,
રાખણ યુગ વહેવાર બધ્ધ બાંધી મૂઠી મા. ૮૦
આણી મન આનંદ મા માંડે પગલા મા,
તજ પુંન્ય રવિ ચંદ્ર દેનાનાં ડગલાં મા. ૮૧
ભર્યા કદમ બે ચ્યાર મદમાતી મદભર મા,
મનમાં કરી વિચાર તેડાવ્યો અનુચર મા. ૮૨
કુરકટ કરીયો શેહ કરૂણા કર ચાલી મા,
નખ પંખિમય લોહ પગ પૃથ્વી હાલી મા, ૮૩
ઉડીને આકાશ થઇ અદભુત આવ્યો મા,

અઠક્ષણુમાં એક સ્વાસ અવનિતળ લાગ્યો મા. ૮૪
પાપિ કરણુનિ પાત પ્રથ્વીપડ માંહે મા,
ગોઠયું મન ગુજરાત્ય ભિલાં ભડ માંહે મા. ૮૫
ભોળિ ભવાનિ માય ભાવ ભર્યાં ભાળે મા,
કીધી ઘણી કૃપાય ચુંઆળે આળે મા. ૮૬
નવખંડ ન્યાળિ નેટ નજર વજર પેઠી મા,
ત્રૈણુ ગામ તર ગોઠય ઠેઠય અડી બેઠી મા. ૮૭
શેવક સારણુ કાજ સલખનપુર સેરે મા,
ઉઠયો એક અવાજ ડેડાણા નેડે મા. ૮૮
આવ્યાં અશર્ણાં સરણુ અતિ આનંદ ભયા મા,
ઉદિત મુદિત રવી કર્ણ દશ દિશ જશ પ્રસર્યો મા. ૮૯
સકળ સમ્રધિ સુખ માત બેઠાં ચિત સ્થિર થૈ મા,
વસુધા મધ્ય વિક્ષાત વાત વાયુ વિધ ગઈ મા. ૯૦
જાણું જક્ત બધ્ય જોર જન જનુનિ જોખે મા,
અધિક ઉરાડયો શોર વાશ કરી ગોખે મા. ૯૧
ચાર ખુંટ ચોખાંણ્ય ચરચા એ ચાલિ મા,
જન જન પ્રત્ય મુખ વાણ્ય બહુચર બરદાળી મા. ૯૨
ઉદ્દો ઉદ્દો જેકાર કિધો નવખંડે મા,
મંગળ વરત્યા ચાર ચૌદે બ્રહ્માંડે મા. ૯૩
ગાજ્યા સાગર સાત હુધે મેહે ત્રુઠયા મા,
અધમ અધર્મ ઉતપાત તે કિધા જુઠા મા. ૯૪

હરખ્યા સુરિનર નાગ મુખ જોઈ માતાનું મા,
અવલોકી અનુરાગ મન મુનિ સરખીનું મા. ૯૫
નવગ્રહ નમવા પાય પાગ્ય પળિ આવ્યા મા,
ઉપર ઉતારવા કાજ મણિ મુક્તા લાવ્યા મા. ૯૬
દશ દિશાના દિગપાળ દેખિ દુખ વાગ્યા મા,
જન્મ મરણ જંજાળ જીતિ સુખ પાગ્યા મા. ૯૭
ગુણ ગાંધર્વ જશ ગાન નૃત્ય કરે રંભા મા,
સ્વર સુણનાં તે કાન ગત થઈ ગઇ થંભા મા. ૯૮
ગુણનિધિ ગરબો એહ બહુચર મા કેરો મા,
ધારે ધરીને દેહ સુફળ ફરે ફેરો મા. ૯૯
પામે પદારથ પાંચ શ્રવણે શાંભળતાં મા,
ન આવે ઉની આંચ દાવાદળ બળતાં મા. ૧૦૦
શસ્ત્ર ન લેદે અંગ આદ્ય શક્ત શાખે મા,
નિત નિત નવલે રંગ શમ દમ ક્રમ પાખે મા. ૧૦૧
જળ જે અનઘ અઘાત ઉતારે બેડે મા,
ક્ષણ ક્ષણ નિશદીન પ્રાત સંકટ બધ્ય ફેડે મા. ૧૦૨
ભુત પ્રેત જાંબુક વંતર ડાકેણિ મા,
ના આવે આડી અચુક શામા શાકેણી મા. ૧૦૩
ચરણ કરણ ગતિ ભંગ ખુંગ ગુંગ વાળે મા,
ગુંગ મુંગ મુખ અંગ અબધ બધિ ટાળે મા. ૧૦૪
સેગુવિહોણા નેણ નેણા તું આપે મા,

પુત્ર વિહોણા કેણ મેણા તુ કાપે મા. ૧૦૫
કળિ કલ્પતરૂ ઝાડ જે જાણે તેને મા,
ભકત લડાવે લાડ પાડ વિના કેને મા. ૧૦૬
ગટ પુરૂષ પુરસાઈ તું આલે પલમાં મા,
ડાલે દેર ઠકરાઈ ધો દલ હલબલમાં મા. ૧૦૭
નિરધનને ધન પાત્ર તે કરતા તું છે મા,
રોગ દોશ દુખ માત્ર તું હરતા શું છે મા. ૧૦૮
હય ગજરથ સુખપાલ આલ વિના અજરે મા,
બરદે બહુચર બાળ ન્યાલ કરે નજરે મા. ૧૦૯
ધર્મ ધન ધન્ય ધાન્ય ન ટળે ધામ થકી મા,
મહિપતિ સુખ દે માન્ય માના નામ થકી મા. ૧૧૦
નરનારી ધરી દેહ જે તે કો ગાશે મા,
કુમત્ય કૃત તતખેહ થઈ ઉડી જાશે મા. ૧૧૧
ભગવતિ ગીત ચરિત્ર જે સુણશે કાને મા,
થઈ કુળ સહિત પવિત્ર ચડશે વૈમાને મા. ૧૧૨
તુંથી નથી જે વસ્ત જેથી તું તરપું મા.
પુરણ પ્રગટ પ્રશસ્ત શી ઉપમા અરપું મા. ૧૧૩
વારંવાર પ્રણામ કરજોડી કિજે મા,
નિરમળ નિશ્ચે નામ જન નિશદિન લિજે મા. ૧૧૪
નમો નમો જગ માત સહસ્ત્ર નામ તારાં મા,
માત તાતને ભ્રાત તુ સરવે મારાં મા. ૧૧૫

સંવત શતદશ સાત નેવું ફાલગુણ સુધે મા,
તિથી ત્રિતીયા વિક્ષાત દીનિ વાસર બુધે મા. ૧૧૬
રાજનગર નિજ ધામ પુર નવિન મધ્યે મા,
આઈ આદ્ય વિશ્રામ જાણે જગ બધે મા. ૨૧૭
કરચ દુર્લભ શુર્લભ રંક સહુ છેવાડો મા,
કરજોડી વલ્લભ કહે ભટ મેવાડો મા. ૨૧૮

પંચતીર્થીનો ગરબો.

રાગ મારૂની દેશી.

શેવો શેવાને અંબે આરાસુરી, માની ચાકરી ચોખી ખરી;
માના દરશનથી ચીંતા ટળીરે, આઈ આશા પુરો મા અંબીકા.
આઇ. ૧

ગણપતીનું દરશણ કીજીએ, રિદ્ધી સિદ્ધી માગીને લીજીએ;
માના મંદિર હાથા દીજીએરે. આઇ. ૨

માનું ચાચર અતી અળીઆમણું, શોભા તે તેની શું વર્ણવું;
માને દુરથકી દેખી નમુંરે. આઇ. ૩

વાવ્યના નીરમળ નીર છે, ચાચર ખેચર વીર છે;
ત્યાંતો ભેરવો રણ ધીર છે આઇ. ૪

અંબે આરાસુર વાસો વસે, માજી સિંહાસન બેઠાં હસે;
અંબા શેવકની વારે ધસેરે. આઇ. ૫

વાઘ ઉપર બેશી મા સંચરે, એક દીવસમાં ત્રણ રૂપ ધરે;
દુ:ખીયાનાં દુ:ખ સહેજે હરે. આઇ. ૬
બ્રંહ્મા તો તાહારી સ્તુતી કરે, વિષ્ણુ તો તાહારૂ ધ્યાન ધરે;
શીવજી પણ ગુણ ગાઇ ઠરેરે. આઇ. ૭
માનુ માનસરોવર ન્યારૂ છે, બેની અજાઇનું દરશન સારૂ છે;
સર્વને સેવક મન પ્યારૂ છેરે આઇ. ૮
સરસ્વતીમા જઇને નાહીશું, તેથી દેહ તો નીરમળ થાઇશુંરે;
બાવા કોટેશ્વરન [illegible]ગ ગાઇશુંરે: આઇ. ૯
માજી વીશ્વંભરી વીષને હરી, [illegible]ની જ્યોતે ખરી:
માયે વિમળ[illegible] ૧૦
કરૂ સ્તુતી જે કરૂણા કીજીએ, [illegible] [illegible]પા તે લીજીએ:
અંબે આઇ મા દરશન દીજીએરે. આઇ. ૧૧
જે કોઇ ગાયે શિખેને સાંભળે, તેનાં પાપ સઘળાં પરજળે;
મા માઇ તો નિશ્ચય મળેરે. આઇ. ૧૨
પુજા કરીને ચાચર જે રમે, ચાચર રમીને માને નમે;
કહે નાનો અંબાને ગમેરે. ૧૩

થાળ.

આરોગો બહુચરાજી મોરી માય,
જેમ જન તાહરા સુખીયા થાય મા. ૧
કનક કળસ ગંગાજળ ભરી,
બહુચરાજી આગળ થાળજ ધરીમા. ૨

દ્રાક્ષ ચારોળી બદામો અખોડ,
પીસ્તાં લીંબુને પાકાં બોરમા. ૩
સીંગોડાં સાકર શેલડી,
ખડબુચ્યાં આંબા કાકડીમા. ૪
મગના લાડુને ઘેબર સાર,
પેંડા ઘારીને દુધપાક મા. ૫
ખારાં નાખીને તમ તમાં,
આદુ લીંબુને માંહ્ય કરમદ ઘણાંમા. ૬
શ્રીફલ આરોગો લેજોરે લોગ,
અનેક અનેકના સર્વ સંજોગમા. ૭
ખીર ખાંડ ઘ્રત પોળી સાર.
આરોગો બહુચરાજી કંસાર મા. ૮
લેંચી લાપશીને ચુરમાં,
વડાં વેડમીને શાકજ ઘણામા. ૯
દાળ શાક ઘ્રત પુરણ કરી,
આરોગો બહુચરાજી ચીત ધરીમા. ૧૦
કેસર કર્મેજ ભર્યાં ભરપુર,
જીરા રસ માણી જમીએ કુરમા. ૧૧
દુધ કઢ્યાં લેઇ આગળ ધર્યાં,
ઘુંટ ભરીને માયે આચમન કર્યાં મા. ૧૨
આરોગીને ઉઠ્યાં મોરી માય,
જુઠ રહ્યાં તે જન માગી ખાયમા૦ ૧૩

સિંહાસન ઉપર સુંદરી,
બેઠાં માત સકળ પરવરીમા૦ ૧૪
બેહેકે બરાસે બીડી કરી,
આનંદે માયે મુખમાં ધરીમા૦ ૧૫
એક એક આગળ ઢોળેરે વાય,
એક એક આગળ નૃત્યજ થાયમા૦ ૧૬
વાજે પંચ શબ્દ નીશાન,
ભેર ભુંગળ વાજે પરીમાણુમા૦ ૧૭
સકલ મનોર્થ પુરો મોરી માય,
બેઉ કરજોડીને વલ્લભ ગાયમા૦ ૧૮

આરતી.

જે જે બહુચર માત, જે જે અંબે માત જે જુગપટરાણીમા.
જે જુગ. ૧
આરતી અમરાવની મા રની મન મોહાણી. જય જય. ૧
સ્ફાટીક જડીત્ર મણી નંગ, કુંજ કરે ત્યાલી મા, કુંજ.
કરપુરા કૃત જ્વલ, જળહળ અજુવાળી. જય જય. ૨
પંચમુખી અતી અદભુત, પુષ્પાક્ષત અરચી મા, પુષ્પા.
પરીમળ પ્રબળ પરમ રૂચી, સુચી ચંદન ચરચી. જય જય. ૩
જળહળ નીરમળ જોત, અકળ સકળ વ્યાપી મા, અકળ.
ત્રિભુવની તીમીર નીવારણ, તારણ પશુ પાપી. જય જય. ૪
ચંગ મૃદંગ ઉપંગ સુ વાસ વિણા વાજે, મા, વાસ.
તાલ રસાલ વિશાલ શુ શબ્દ ગગન ગાજે. જય જય. ૫

ગાન કરે કિન્નર નીત્ય, ઉરવશી ઉરૂ મીના મા, ઉર.
શુણુ ગાંધર્વ સમરે મા, પુનર સુમર પણુા. જય જય. ૬
વ્યોમ વૈમાન વીરાજીત, સુર સુંદરી સંગે મા, સુર.
ગંદો ઊદો જય કહેછે, હૈયામાં રંગે. જય જય. ૭
સુમન સુમન કીન વરસી તેહ, હરખીન હૈયે હરખીમાં, હરખીન
અંતર અતી આનંદે, નીજ અંતર હરખે. જય જય. ૮
ચતુરાનન પંચાનન, ષડઆનન ખાંતે માં, ષડ.
સનમુખ મુખ નીત્ય હરખીન, ભગ્ત ભલી ભાતે. જય જય. ૯
પનંગ પશુ પક્ષી નીત્ય, પશુપતી પ્રેમ ભર્યા મા, પશુ.
આરતી વંદન કારણુ, વાયુ વીધવીધ વિચર્યાં. જય જય. ૧૦
માહાત્મ મહોત્મ, મહાત્મ. બળ કૃત કીધાં મા, બળ.
ભગ્ત અભય પદ નીરસે, ભોમશું ભવ કીધાં. જય જય. ૧૧
નીજ જન તન મન રંજન ગંજન પદ પોતે મા, પદ.
ભુતળ ભુપતી ભુર ભલ ભલાં કીધાં જોતે. જય જય. ૧૨
લક્ષ ચોરાશી જંત, અનંત અલ્પ મતિના મા, અનંત.
આરતી શબ્દ શ્રવણે સુણી સરવ સુલભગતીના. જય જય. ૧૩
ભાવ કુભાવ વસુભાવશુ, નીત્ય આરતી ગાશે મા, નીત્ય.
નરનારી અવતારી, સુકીત સફળ થાશે. જય જય. ૧૪
ચોદભુવન પતી તુ ધણી, ચૌદભુવન માંહી મા, ચૌદ.
વલ્લભભટ વરણુવે મા, પત્ત સાહો બાંહે. જય જય. ૧૫